સુરત મહાનગરપાલિકા

હાઈડ્રોલિક વિભાગ

**પ્રેસનોટ**

**સાઉથ ઝોન-બી (કનકપુર) વિસ્તારમાં આવેલ હાઈડ્રોલિક વિભાગ હસ્તકના જળવિતરણ મથક હેઠળ આવેલ ૬૦૦ મી.મી. વ્યાસની લાઈન પર લિકેજ રીપેરીંગના કારણોસર સચિન વિસ્તાર, કનસાડ ગામતળ, આહિરવાડ, હળપતી નિવાસ, અઠ્ઠાવીસગાળા, કનકપુર વિસ્તારમાં હાઉસીંગ બોર્ડ તથા સ્લમ બોર્ડ અને પારડી-કણદે વિસ્તારમાં તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ પાણી પુરવઠો બંધ રહેવા તથા તા.૧૮/૦૨/૨૦૨૬ ના રોજ ઓછા પ્રેશરથી મળવા અંગેની જાહેરાત**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટિબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન-બી (કનકપુર) વિસ્તારને હાઈડ્રોલિક વિભાગ હસ્તકના ડીંડોલી જળવિતરણ મથક મારફત વિવિધ UGSR અને ESR ધ્વારા સમગ્ર સચિન વિસ્તાર, કનસાડ ગામતળ, આહિરવાડ, હળપતી નિવાસ, અઠ્ઠાવીસગાળા, કનકપુર વિસ્તારમાં હાઉસીંગ બોર્ડ તથા સ્લમ બોર્ડ અને પારડી-કણદે વિસ્તારમાં પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. સદર વિસ્તારોમાં પાણી પુરવઠાના નેટવર્કમાં ૬૦૦ મી.મી. વ્યાસની પાણી ભરતી ડી.આઈ. ની લાઈન પર લીકેજ હોવાથી તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ સદર લીકેજ રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ સદર કામગીરી દરમ્યાન પાણી પુરવઠો આપી શકાય તેમ નથી. આથી, તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ સચિન, કનસાડ અને પારડી-કણદે વિસ્તારમાં ૦૧ (એક) દિવસ માટે પાણી પુરવઠો આપી શકાશ નહીં તથા તા.૧૮/૦૨/૨૦૨૬ ના રોજ ઓછા પ્રેશરથી પાણી પુરવઠો મળવાની શકયતા છે.

**જેની જાહેર જનતાએ** નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી. નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે તથા નાગરીકોને સહકાર આપવા વિનંતી છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકાતરફથી સાદર સમાચાર યાદી નં તા.૫૭૬, તા.૧૩/૦૨/૨૦૨૬